## શ્રી સહયોગ મિત્ર મંડળ દ્વારા છેલ્લાં ૪૬ વર્ષથી નવરાત્રિનું આયોજન

૧૯૭૮થી થાણેના વાગલે એસ્ટેટમાં શિવાજી નગર સ્થિત ગણેશ ચોકમાં શ્રી સહયોગ મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ ઉત્સવ ખૂબજ ધાર્મિક રીતે સાંસ્કૃતિક પરંપરા જાળવીને ઉજવાય છે. પહેલા નોરતાથી ઢોલના તાલે માતાજીની આરતી, સ્તુતિ, છંદ, થાળ અને ગરબા રાસની રમઝટ જમાવાય છે. સાતમના દિવસે માતાજીને છપ્પન ભોગ ધરાવાય છે. અષ્ટમીના દિવસે ૫૧ કુમારીકાઓ દ્વારા માતાજીની આરતી કરવામાં આવે છે. નોમની રાતે ગરબા દાંડિયા રાસ પછી ગરબાનું વિસર્જન કરાય છે. ત્યાર પછી સૌ સાથે મળીને જલેબી-ફાફડાની પ્રસાદી ગ્રહણ કરે છે. દશેરાના દિને સત્યનારાયણની પૂજા રખાય છે.












Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : 'આપણી સ્વતંત્રતાના ત્રણ અલગ અલગ સ્વરૂપ છે'




આઝાદી પર્વ બહુ જ આનંદ અને ઉલ્લાસથી ઉજવાય છે. આ સમયે આપણો આનંદ અને જોશ તિરંગા રાષ્ટ્રધ્વજ તરફ નતમસ્ત બનીને ઝૂકી જાય છે એ ધ્વજ પ્રત્યે વફાદારી અને એની આણ સાચવવા આપણે આપણી જાનની બાઝી લગાઈ દઈએ છીએ. કોઈપણ વ્યક્તિ તિરંગા ઝંડાનું અપમાન કરે કે એની જતન રાખી ન શકે તેના પ્રત્યે આપણને નફરત ભાવ ઉપજી આવે છે. જ્યારે આ ઉત્સવનો પુર ઓસરી જાય છે. ત્યારે આની પાછળના બે ખંડિત ચિત્રો આપણી સામે ઉભરી આવે છે.

એક ભારત અને પાકિસ્તાન આ બે ખંડિત ચિત્રોને આપણે માન્યતા આપી દીધી છે. ભવિષ્ય બે ખંડિત ચિત્રોને વચ્ચેની દિવાલ તૂટી પણ જશે? પંરતુ ભારત અને ઈન્ડીયા વચ્ચેની ખાઈ આપણે પુરી નહી શકીએ એ વધુને વધુ પહોળી બનતી જાય છે. શું કારણ છે આ વિરોધાભાસનો સ્વતંત્રતા એક એવી અદમ્ય તરસ છે જે દરેક વ્યક્તિમાં હોય છે. પરંતુ સ્વતંત્રતાને ત્રણ વિભાગોમાં વિભાજન કરેલ છે. નકારાત્મક સ્વતંત્રતા, સકારાત્મક સ્વતંત્રતા અને વિશુધ્ધ સ્વતંત્રતા. નકારાત્મક સ્વતંત્રતાનો અર્થ થાય છે કે કોઈ ચીજથી મુક્તિ પામવી. કોઈ અણધારી ઘટના જે તમને માનસિક ત્રાસ આપતી હોય. કોઈ વ્યક્તિ તમને હેરાન કરતી હોય એમાંથી છૂટકારો પામવો.

એ પણ એક સ્વતંત્રતા છે. કોઈ ચોક્કસ હેતુ સ્વતંત્રતાના માટેના કારણે તમે લડવા હો એને તેમાંથી તમે આઝાદ થાઓ આ પણ એક સ્વતંત્રતાનો ભાગ છે. મોટા ભાગના લોકો આ સ્વતંત્રતા ઈચ્છે છે. જીવન એટલું દુઃખમય છે કે દુઃખથી મુક્તિ પામવા માટે વ્યક્તિ અથાગ પ્રયત્ન કરે છે. રાજનૈતિક સ્વતંત્રતાની એક ક્ષણિક બંધનમાંથી મુક્તિ ગુલામીમાંથી સત્તા હાથમાં આવી હવે સત્તા આવ્યા પછી શું? સ્વતંત્રતાની ઈચ્છા કરતા રહ્યા પછી પણ આપણે રચનાત્મક કાર્ય કરીને એનો લાભ સમાજના છેવાડેના માણસ સુધી ન પહોંચાડી શક્યા કારણે સત્તાની સ્વતંત્રતો અર્થ સત્તામાં કાયમ રહેવું હોય છે. સ્વતંત્રતા ને સંભાળ કરવી એ તલવારની ધાર પર ચાલવું જેવું છે.

બીજી સ્વતંત્રતા છે હકારાત્મક સ્વતંત્રતા જેવી રીતે કોઈ વ્યક્તિ ચિત્ર બનાવે છે તેને ચિત્રકાર બનવું છે. કોઈ વ્યક્તિ ચિત્ર બનાવે છે તેને ચિત્રકાર બનવું છે. કોઈ વ્યક્તિ કવિતા કરે છે એને કવિ બનવું છે. કોઈ વ્યક્તિને સત્તાનું જીવન રચનાત્મક કાર્ય કરવા સમાજને અર્પણ કરી દીધું હોય છે. આવી વ્યક્તિ પોતાના પરિવાર અને સમાજ સંઘર્ષ કરવું પડે છે. દરેક પરિસ્થિતિ સામે સંઘર્ષ કરવું પડે છે. દરેક પરિસ્થિતિ સામે સંઘર્ષ કરે છે. આ એક હકારાત્મક સ્વતંત્રતા છે.

ત્રીજી સ્વતંત્રતા છે તે વિશુધ્ધ સ્વતંત્રતા એટલે આધ્યાત્મિક સ્વતંત્રતા. આ સ્વતંત્રતા ભારતની મૂડી છે. જે સદીઓથી જાળવી રાખી છે. વ્યક્તિગત મુક્તિ એ ઋષિમુનિઓનું લક્ષ્ય હતું એનો મોક્ષ અને મુક્તિથી પણ ઉપરથી અવસ્થાને માનવામાં આવે છે. આ કોઈ કંટાળીને છુટકારો પામવાની પરિસ્થિતિ નથી પણ શાંતમય એક ચિત્તે મનને એકાગ્ર કરીને કોઈ પણ સામે રાગ, દ્વેષ, અણગમોના ભાવમાંથી છૂટીને મોક્ષ તરફ જીવનને દોરી જવું. આ ભારતની આધ્યાત્મિક પરંપરા છે. આ પરંપરામાં મુક્તિનો માર્ગ છે. સ્વતંત્રતા બહુજ સ્વરૂપવાન શબ્દ છે. જેના અર્થ થાય છે સ્વંત્રતાનો પામવાનું. આ સ્વનું તંત્ર શું છે?

આ કોઈ રેડીમેડ જણસ નથી આ દેશની પરંપરા છે. જેને આ તંત્ર પ્રાપ્ત થયું છે. એ જીંદગીના તમામ બંધનોની વચ્ચે રહીને પણ આઝાદ હોય છે. જેવી રીતે કાદવમાં ખીલેલો કમળ જે નિર્ભય, નિર્ગુણ, નિરામય છે. આધ્યાત્મિક સ્વતંત્રતા એ દુઃખમાં પણ આઝાદ છે અને સુખ પણ આઝાદ છે. પોતાની દુર્ગતિ માટે બીજા કોઈને દોષી ઠરાવતો નથી એટલે આવી સ્વતંત્રતા મેળવવા માટે મજબુત ઈરાદો અને મજબુત આત્મવિશ્વાસ જોઈએ. ત્યારે તે સ્વતંત્રતાનો ભાર પોતાના કંધા ઉપર ઊંચકી શકશે.

આ બાબતમાં આપણો દેશ અપંગ બની ગયો છે. હિમાલયથી કન્યાકુમારી સુધી ફેલાયેલી આ દેશની આબાદી એક સૂત્રમાં બાંધી રાખવામાં આપણે સફળ થઈ શક્યા નથી. ઈન્ડિયાની પ્રગતિ દિવસે ન દિવસે વધતી જાય છે. પરંતુ આની સાથે સાથે ભારતમાં અંધેરામાં ધકેલાઈ જાય છે. જો ઈન્ડિયાને ભારતની માટે ચિંતા નથી. તો એક દિવસે ભારત એટલો વિશાળ બની જશે કે એની વાસ્તવિકતા ગુમાવી બેસશે.

હમણાના સ્વતંત્રતા શું છે? એ વિચારવાનો મહત્વનો પ્રશ્ન છે. કોઈ લાખો માણસોની સ્વતંત્રતા પર આવીને અટકી ગઈ છે. ઈન્ડિયાના માણસો પોતાની આર્થિક સમૃદ્ધિમાં મદમસ્ત છે. આ નશામાં તેમની પોતાની માનસિક દરિદ્રતા જોઈ નથી શકતા. આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલી શકશે નહી. આ સ્વતંત્રતા થોડા સમય પછી પોતાની ચમક ખોઈ બેસશે. એટલે આપણે આપણી આધ્યાત્મિક પુંજીને એકઠી કરી અને સંપૂર્ણ દેશની સામૂહિક રૂપે સ્વતંત્ર બનાવીએ જે ગરીબી, ગંદકી, અંધવિશ્વાસ, બેકારીથી મુક્ત અને ભ્રષ્ટાચારથી મુક્ત બની શકે.

આ પરિસ્થિતિમાં ગાંધીની યાદ અચૂક આવે છે. ગાંધીજી હિન્દ સ્વરાજ લખેલ છે કે ગામડાને સ્વાવલંબી બનાવીની જરૂર છે. સારું શિક્ષણ ઉત્તમ પ્રકારે આરોગ્ય સેવા, માણસના કુશળતા પ્રમાણે રોજગાર ઉપલબ્ધ કરાવે છે. આથી ઈન્ડીયા અને ભારત વચ્ચે ગેપ સાંકડું થશે.

## આજે, આવતી કાલે અને પરમ દિવસે રાતે ૧૨ વાગ્યા સુધી ગરબા રાસની પરવાનગી

નવરાત્રિમાં મન મૂકીને ગરબા-દાંડિયા રમનારા ખેલૈયાઓ માટે ખુશ ખબર આવ્યા છે. નવરાત્રીના છેલ્લા ત્રણ દિવસ એટલે કે બુધ, ગુરુ અને શુક્રવારે રમવાની સમયમર્યાદામાં છૂટ આપવામાં આવી હોવાથી રાતે ૧૨ વાગ્યા સુધી ગરબાની રમઝટ જામશે.

મુંબઈમાં નવરાત્રિમાં રાતે ૧૦ વાગ્યા પછી લાઉડસ્પીકરો વગાડવા પર પ્રતિબંધ હોવાથી ગરબારાસ બંધ કરી દેવા પડે છે, પણ શુક્રવારે કલેક્ટર ઑફિસ દ્વારા બહાર પડાયેલા આદેશથી ખલૈયાઓમાં આનંદ છવાઈ જાય એવા સમાચાર આવ્યા છે. આદેશ અનુસાર બુધ, ગુરૂ અને શુક્રવાર તા. ૯, ૧૦ અને ૧૧ ઑક્ટોબરે રાતે ૧૨ વાગ્યા સુધી નવરાત્રિમાં લાઉડસ્પીકર વગાડવાની છૂટ આપી છે, જેને કારણે રંગરસિયાઓ ૧૨ વાગ્યા સુધી ગરબા રમી શકશે. જોકે આ પરવાનગી કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના ધ્વનિ પ્રદૂષણ નિયમોને આધીન રહીને આપવામાં આવી છે. એટલે કે નવરાત્રિ આયોજકોએ ધ્વનિ પ્રદૂષણના નિયમો નિયંત્રણોનું પાલન કરીને લાઉડસ્પીકરોનો ઉપયોગ કરવાનો રહેશે.

# ૪૦ની ઉંમર પછી શા માટે આ આવશ્યક મલ્ટિવિટામિન્સ લેવા જોઈએ?

**સ્વાસ્થ્ય સુધા**



લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

જેમ જેમ આપણી ઉંમર વધે છે તેમ તેમ આપણા પોષણ માટેની જરૂરિયાતો બદલાય છે અને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય જાળવવું એ પ્રાથમિકતા બની જાય છે. ૪૦ વર્ષ પછી, શરીરની અમુક પોષક તત્વોને શોષવાની ક્ષમતા ઘટી જાય છે, જેના કારણે જરૂરી વિટામિન્સ અને ખનિજોની પૂર્તિ કરવી મહત્વપૂર્ણ બને છે. યોગ્ય રીતે પસંદ કરેલ મલ્ટિવિટામિન્સ પોષક તત્વોની ખામીને દૂર કરવામાં અને લાંબાગાળાના સ્વાસ્થ્યને ટેકો આપવામાં મદદ કરી શકે છે.

**૧. વિટામિન ડીઃ** ૪૦ વર્ષ પછી, શરીરની સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડી બનાવવાની ક્ષમતા ઘટી જાય છે, જે હાડકાના સ્વાસ્થ્યને અસર કરી શકે છે. વિટામિન ડી શરીરમાં કેલ્શિયમના શોષણ માટે જરૂરી છે. આ ઉપરાંત વિટામિન ડી ઓસ્ટીયોપોરોસિસને રોકવા અને રોગપ્રતિકારક શક્તિને ટેકો આપવા માટે પણ જરૂરી છે.

**૨. કેલ્શિયમઃ** ૪૦ વર્ષની ઉંમર પછી હાડકાની ઘનતા (bone density) ઘટવા લાગે છે, ખાસ કરીને સ્ત્રીઓમાં. કેલ્શિયમ, વિટામિન ડી સાથે મળીને, હાડકાંની મજબૂતી જાળવવામાં મદદ કરે છે અને અસ્થિભંગ (fracture) અને ઑસ્ટિયોપોરોસિસનું જોખમ ઘટાડે છે.

**3. વિટામિન B12:** આ વિટામિન જ્ઞાનતંત્ર અને લાલ રક્તકણોના ઉત્પાદનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ૪૦ વર્ષ પછી શરીરની B12 શોષવાની ક્ષમતા ઓછી થાય છે, જેથી એવા પોષક તત્વોની ખામીઓ થવાનું જોખમ વધે છે જે થાક, યાદ શક્તિની સમસ્યાઓ અને એનિમિયા તરફ દોરી શકે છે.

**૪. મેગ્નેશિયમઃ** સ્નાયુઓનું કાર્ય, જ્ઞાનતંત્રનું સ્વાસ્થ્ય અને હાડકાની મજબૂતી માટે મહત્વપૂર્ણ મેગ્નેશિયમ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે અને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે. જેમ જેમ આપણી વય વધે છે તેમ તેમ શરીરમાં મેગ્નેશિયમનું સ્તર ઘટી શકે છે, જે મેગ્નેશિયમના પૂરક (suppliment) લેવાને મહત્વપૂર્ણ બનાવે છે.

**૫. ઓમેગા-૩ફેટી એસિડ્સઃ** જો કે ઓમેગા-૩ફેટી એસિડ્સ પરંપરાગત મલ્ટીવિટામિન્સમાં જોવા મળતાં નથી, પરંતુ ઓમેગા-૩ હૃદયના સ્વાસ્થ્ય, મગજના કાર્ય અને સોજા અને બળતરા(inflammation) ઘટાડવા માટે મહત્વપૂર્ણ છે. આ આવશ્યક ફેટી એસિડ્સ હૃદય રોગના જોખમ, જે ૪૦ની ઉંમર પછી થવાની શક્યતા વધુ હોય છે, તેને ઘટાડવામાં મદદ કરે છે.

**૬. ઝીંક અને સેલેનિયમઃ** બંને રોગપ્રતિકારક શક્તિને ટેકો આપે છે અને ઓક્સિડેટીવ તણાવ સામે રક્ષણ આપે છે. તેઓ ત્વચાના સ્વાસ્થ્યને જાળવવામાં અને એકંદર પ્રતિ રક્ષા (immunity) વધારવામાં પણ મદદ કરે છે.

તમારી ઉંમરને અનુરૂપ મલ્ટિવિટામિનનો સમાવેશ એ ખાતરી કરે છે કે તમારા શરીરને તે પોષક તત્ત્વો પ્રાપ્ત થાય છે જે તેને તમારી ઉંમર પ્રમાણે સારૂં સ્વાસ્થ્ય જાળવવા માટે જરૂરી છે. તમારી વ્યક્તિગત સ્વાસ્થ્ય જરૂરિયાતો માટે શ્રેષ્ઠ મલ્ટીવિટામીન નક્કી કરવા માટે હંમેશા હેલ્થકેર પ્રોફેશનલ (ડોક્ટર)ની સલાહ લો.

Click Here

## સવંત ૨૦૮૦-૮૧ ના ચોપડા પૂજનના મુહૂર્તો

**દશેરા**
આસો સુદ ૧૦, શનિવાર, તા. ૧૨-૧૦-૨૦૨૪
સવારે ૦૮:૦૦ – ૦૯.૨૮ (શુભ),
બપોરે ૧૨:૨૫ – ૧૩:૫૩ (ચલ),
બપોરે ૧૩:૫૩ – ૧૫:૨૧ (લાભ),
બપોરે ૧૫:૨૧ – ૧૬:૪૯ (અમૃત),

**પુષ્પનક્ષત્ર**
આસો વદ-૮, ગુરૂવાર, તા. ૨૪-૧૦-૨૦૨૪
સવારે ૦૬:૩૬ – ૦૮:૦૨ (શુભ),
સવારે ૧૦:૫૬ – ૧૨:૨૨ (ચલ),
બપોરે ૧૨:૨૨ – ૧૩:૪૯ (લાભ),
બપોરે ૧૩:૪૯ – ૧૫:૧૬ (અમૃત),
સાંજે ૧૬:૪૩ – ૧૮:૦૯ (શુભ),
સાંજે ૧૮:૦૯ – ૧૯:૪૩ (અમૃત)

**ધનતેરસ**
આસો વદ-૧૩, મંગળવાર, તા. ૨૯-૧૦-૨૦૨૪
સવારે ૧૦:૩૨ – ૧૦:૫૬ (ચલ),
સવારે ૧૦:૫૬ – ૧૨:૨૨ (લાભ),
બપોરે ૧૨:૨૨ – ૧૩:૪૮ (અમૃત),
બપોરે ૧૫:૧૪ – ૧૬:૪૦ (શુભ),
સાંજે ૧૯:૪૦ – ૨૧:૧૪ (લાભ)

**ધનતેરસ**
આસો વદ તેરસ, બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૨૪
સવારે ૦૬:૩૮ – ૦૮:૦૪ (શુભ),
સવારે ૧૦:૫૬ – ૧૨:૨૨ (ચલ),

**કાળીચૌદસ**
આસો વદ ચૌદસ, બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૨૪
બપોરે ૩:૦૦ – ૪:૩૦ (ચલ),
બપોરે ૪:૩૦ – ૬:૦૦ (લાભ),
સાંજે ૬:૦૫ ગોરજ મુર્હત
રાત્રે ૭:૩૬ – ૯:૦૦ (શુભ)
રાત્રે ૯:૦૦ – ૧૦:૩૦ (અમૃત)
રાત્રે ૧૦:૩૦ – ૧૨:૦૦ (ચલ)

**દિવાળી**
આસો વદ અમાસ, ગુરૂવાર, તા. ૩૧-૧૦-૨૦૨૪
બપોરે ૩:૫૪ અમાવસ્યા પ્રારંભ થાય છે
બપોરે ૪:૪૦ – ૬:૦૫ (શુભ)
સાંજે ૬:૦૫ – ૭:૩૬ (અમૃત)
રાત્રે ૭:૩૬ – ૯:૧૪ (ચલ)
રાત્રે ૧૧:૫૭ – ૧૨:૪૮ (નિશિથ કાળ)

**દિવાળી**
આસો વદ અમાસ, શુક્રવાર, તા. ૦૧-૧૧-૨૦૨૪
સવારે ૬:૩૦ – ૮:૦૦ (ચલ)
સવારે ૮:૦૦ – ૯:૩૦ (લાભ)
સવારે ૯:૩૦ – ૧૧:૦૦ (અમૃત)
બપોરે ૧૨:૩૦ – ૨:૦૦ (શુભ)

**બેસતું વર્ષ**
કારતક સુદ-૧, શનિવાર, તા. ૦૨-૧૧-૨૦૨૪
સવારે ૦૮:૦૫ – ૦૯:૩૧ (શુભ)
બપોરે ૧૨:૨૨ – ૧૩:૪૮ (ચલ)

**લાભ પાંચમ / જ્ઞાન પાંચમ**
કારતક સુદ ૫, બુધવાર, તા. ૦૬-૧૧-૨૦૨૪
સવારે ૦૬:૪૧ – ૦૮:૦૬ (લાભ)
સવારે ૦૮:૦૬ – ૦૯:૩૨ (અમૃત)
સવારે ૧૦:૫૭ – ૧૨:૨૨ (શુભ)

**શ્રી મહાવીર સ્ટોર્સ**
મેવાવાલા નિવાસ, દેના બેંક પાસે, ગણેશ ગાવડે રોડ,
મુલુંડ(પ). ફોન : ૨૫૬૦૦૨૦૩ / ૨૫૬૧૪૬૨૩


## પ્રતાપસિંહ ગાર્ડનમાં વોચમેન પર હુમલો

રવિવાર, તા. ૦૬ ઓક્ટોબર સાંજના છ વાગ્યાની આજુબાજુ કેટલીક લઘુમતી જાતની મહિલા નાના બાળકોનાં હીંચકા પર બેસીને હીંચકા ખાઈ રહી હતી. વોચમેન અરવિંદ યાદવ તેમને ઉતારવા કહ્યું એમાંથી બોલ ચાલી થઈ હતી. એક મહિલા એ ફોન કરતાં વીસ યુવક આવ્યા હતા અને વોચમેન ને બે દમ માર માર્યો હતો. પોલીસ ફક્ત એક વ્યક્તિની અટક કરી હતી અને છોડી મૂક્યો હતો આથી ગઈ કાલે પોલીસને નિવેદન આપી બાકી લોકોને ધરપકડ કરવાની માંગ માજી નગરસેવક એડ. હર્ષદ દેસાઈની આગેવાનીના પ્રતિનિધિ મંડળ કરી હતી જેમાં એડ સંતોષ દૂબે, કુલદીપસિંહ



ગિલ, હેમુ શેટ્ટી, મનોજ બોધ, રાજેશ ગર્ગ, કૌસ્તુભ દેશમુખ, મોટવાણી રાજાસિંહ સામેલ હતા.


SHREE Preeti CATERERS

Diwali Offer

| | | | |
|---|---|---|---|
| Kaju Katli | Rs. 760 | Kaju Kiwi Punch | Rs. 860 |
| Kaju Kesar Katli | Rs. 800 | Kaju Dilkhush Ball | Rs. 860 |
| Kaju Jelly Sandwich | Rs. 830 | Kaju Anjeer Patra | Rs. 860 |
| Kaju Dryfruit Roll | Rs. 830 | Kaju Saptarangi | Rs. 860 |
| Kaju Pakiza | Rs. 830 | Kaju Rose Almond | Rs. 860 |
| Kaju Chocolate Butter Scotch | Rs. 830 | Kaju Gulkand Tokri | Rs. 860 |
| Kaju Chocolate Katli | Rs. 830 | Kaju Black Current | Rs. 860 |
| Kaju Venila Katli | Rs. 830 | Kaju Blue Berry Bliss | Rs. 860 |
| Kaju Mango Byte | Rs. 860 | Kaju Dryfruit Chandrakala | Rs. 860 |
| Kaju Frozen Bite | Rs. 860 | Sugar Less Khajur Pak | Rs. 900 |

PURE GHEE MIX MITHAI Rs.550/- Kg.
Soan Papdi ○ Mohanthal ○ Motichur Ladoo ○ Ice Halwa
Jelly Halwa ○ Badami Halwa ○ Messuk ○ Khaja
From 24-10-2024

BIGGEST Diwali OFFERS

SHREE Preeti CATERERS

Saraswat Wadi, Zaver Road,
Mulund (W), Mumbai-80.
Kamlesh P. Gogri
Mob. : 9322652014
9819882014, 9321330162


Click Here

# નવરાત્રીનું વરવું વ્યાપારીકરણ




હમણાં માતાજીના નવલાં નોરતાં ચાલી રહ્યા છે.ત્યારે ખાસ કરીને યુવા પેઢીને માતાજીની ભક્તિ કરતાં વિવિધ સ્ટેપ્સ વડે નાચવામાં વધુ રસ હોય એમ જણાઈ રહ્યું છે.ખરું જોતા નવરાત્રીનો તહેવાર માત્ર માતાજીની આરાધના કરવાનો હોય છે. નવ નવ દિવસ સુધી માતાજીની આરાધના કરવામાં આવે તો દીવામાં બળતું ઘી અને પ્રસાદની એક થાળી એ સિવાય કોઇ જ ખર્ચ થતો નથી. પરંતુ જ્યારથી નવરાત્રિનું વ્યાપારીકરણ થયું છે ત્યારથી આ નવલી નવરાત્રિ એટલી હદે ખર્ચાળ થઇ ગઇ છે કે, એક ખેલૈયા એક નવરાત્રિમાં જેટલો ખર્ચ કરે છે તેટલા રૂપિયામાં તો મધ્યમવર્ગના પરિવારના ચાર મહિનાનો સંપૂર્ણ ખર્ચ નીકળી જાય. એક સામાન્ય પરિવારનો ખર્ચ જોઇએ તો ઇલેક્ટ્રિસિટી, મોબાઈલનું બિલ, દાળ,તેલ, ચોખા, દૂધ, અનાજ, ઘી અને શાકભાજી પૂરતો સિમિત હોય છે. આ ઉપરાંત બાળકોની સ્કૂલ, ટ્યુશન અને ઓટો રિક્ષાની ફીનો ખર્ચનો ઉમેરો કરીએ તો પણ ૨૫ હજાર રૂપિયાના બજેટમાં મધ્યમ વર્ગનું ઘર ચાલી જતું હોય છે. જો કોઈ માંદગી કે પ્રસંગ આવે તો પણ ઉછીના લેવા પડે છે. પરંતુ હાલમાં નવરાત્રિમાં આર્થિક શક્તિનું જે વરવું પ્રદર્શન થઇ રહ્યું છે. તે જોતા તો કદાચ માતાજી પણ વિચારતા થઇ જતાં હશે.

નવરાત્રિ માત્ર અનુષ્ઠાનનો તહેવાર છે. જે કોઈ માઈભક્ત નવરાત્રીમાં નવ-નવ દિવસ સુધી માતાજીની આરાધના કરે છે તે જ સાચી ભક્તિ છે. આવી ભક્તિથી જ માતાજી પ્રસન્ન થાય છે અને આશિર્વાદ પણ આપે છે. તેવી જ રીતે જુદા જુદા ગામ અને શેરી મહોલ્લામાં માતાજીના ગરબા ગાવાની પરંપરા હતી તે હજુ કેટલાંક સ્થાને યથાવત રહી છે તો ઘણખરા સ્થળે ગરબાનું સ્થાન લાઉડ સ્પીકરે લઇ લીધું છે. પહેલા સ્ત્રીઓ અને યુવતીઓ ગૃહકામ વહેલું પતાવીને સ્નાન કરીને ગરબા રમવા જતી હતી. એક તાળી, બે તાળી, ત્રણ તાળી અને ચાર તાળીના ગરબા ગવાતા હતાં.પરંતુ હાલમાં જે રીતે ગરબાનું વ્યાપારિકરણ થઇ ગયું છે તે હિન્દુ ધર્મની આસ્થા પર આંચ સમાન છે. જ્યારે કોઈ પણ માતાજીની ભક્તિ કરવા મંદિરમાં જાય કે ગરબામાં જોડાઈ તેનો પહેલો નિયમ છે કે આ પ્રકારની ભક્તિ કરતી વખતે પગમાં પગરખા ચપ્પલ નહીં હોવા જોઇએ પણ અત્યારે કોઈ ડોમમાં કે પાસ ખરીદીને કમર્શિયલ નવરાત્રીમાં જાવ તો કોઇ સ્થળે ચપ્પલ જોડા કાઢવાનું સ્ટેન્ડ નથી હોતું તેનો સીધો અર્થ છે કે અહીં ખેલૈયાઓ ચપ્પલ બુટ પહેરીને જ ગરબે ઘૂમે છે.જે માતાજીનું ખરેખર અપમાન છે. ખર્ચની વાત કરીએ તો એટલો અધધ ખર્ચ કરવામાં આવે છે કે જાણે આ તહેવાર એક ઇન્ડસ્ટ્રી બની ગઇ છે. એક ખેલૈયાની વાત કરીએ તો તેનો એક સિઝન પાસ એટલે કે દસ દિવસના પાસનો ખર્ચ ૧૦થી ૧૫ હજાર રૂપિયા થઇ જાય છે. મેકઅપનું બજેટ પણ રોજનું ૨ થી ૫ હજાર જેટલું હોય છે અને રોજે રોજના ડ્રેસનો ખર્ચ પણ નવ દિવસમાં રૂપિયા ૨૫ હજારને આંબી જાય છે. આમ એક ખેલૈયા નવરાત્રિમાં એક લાખ રૂપિયા રૂપિયા સુધીનો ખર્ચ કરી નાંખે છે. પોતાની કમાણીના રૂપિયા ખેલૈયાએ જ્યાં ઉડાવવા હોય ત્યાં ઉડાવે પરંતુ હિન્દુ ધર્મની આસ્થાના નામે તાગડધિન્ના બંધ થવા જોઇએ. ગુજરાતના ગરબા સમગ્ર દુનિયામાં પરંતુ છે પરંતુ આજની તારીખમાં વડોદરાએ આ પરંપરા જાળવી રાખી છે. અહીં ગરબા રમતી વખતે બૂટ કે ચપ્પલમાં જો કોઇ દેખાઈ જાય તો તેને તરત જ બહાર કાઢી નાંખવામાં આવે છે. કફની અને દુપટ્ટા વગર કોઈને ગરબા રમવા દેવામાં આવતા નથી. આ અહીંના આયોજકોની આસ્થા દર્શાવે છે. જ્યારે કેટલાક શહેરમાં આયોજકોએ આસ્થાના આ તહેવારને આવકનું સાધન બનાવી દીધું છે.આસ્થાના નામે આટલો મોટો ખર્ચ કરનારા ખરેખર તો ગરબા પણ હિન્દી ફિલ્મી ગીતોના તાલે ઘૂમે છે. જે શરમજનક બાબત કહીએ તો જરા પણ ખોટું નથી.

# દીપમ ગૃહમંદિર દ્વારા ૬૪૦ ભાવિકોનું બહુમાન કરવામાં આવ્યું





દીપમ ગૃહ મંદિરમ્ દ્વારા પર્યુષણ સુધી, ગરણા સ્કીમ, રાત્રિભોજન ત્યાગ સ્કીમ તથા દેરાસર દર્શન કરવા પરિવાર સાથે પધારનાર સર્વે ૬૪૦ ભાવિકોનું શિશુ કુંજમાં દરેકને સ્ટેજ પર બોલાવીને બહુમાન કરવામાં આવ્યું.

# મુલુંડમાં 'આપલા દવાખાના'નું ઉદ્દઘાટન



હિંદુહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે 'આપલા દવાખાના'નો લોકાર્પણ સમારોહ માજી ભાજપા ગટનેતા પ્રભાકર શિંદે અને પ્રભાગ ૧૦૬ના માજી નગરસેવકના પ્રયત્નોથી તેમજ બૃહ્નમુંબઈ મહાનગરપાલિકાના સહકાર્યથી શનિવાર, તા. ૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પાર પાડવામાં આવ્યો હતો. મુલુંડના ડો. કુશલ સાવંતના હસ્તે 'આપલા દવાખાના'નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. મુલુંડના નાગરિકો માટે 'આપલા દવાખાના' આનંદનગર-પત્રા ચાલ, મ્હાડા કોલોની મુલુંડ પૂર્વમાં શરૂ કરવામાં આવ્યું છે. આ દવાખાનામાં દર્દીઓની મફત તપાસણી, મફત ઉપચાર અને મફત દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સર્વ નાગરિકોએ આ વૈદ્યકીય સેવાનો લાભ લેવો એવું આવ્હાન માજી નગરસેવક પ્રભાકર શિંદેએ કર્યું છે.




Click Here

## અનંત પેથેલોજી લેબના સુવિધાજનક ડાયગ્નોસ્ટિક સેન્ટરનું મુલુંડમાં ઉદ્ઘાટન... (૯મા પાનેથી ચાલુ)






સાત વર્ષથી વધુ સુધી માનવ કલ્યાણના કીર્તિમાન રચ્યા. સેવા પ્રવૃત્તિને હજી વધુ આગળ વધારતા વર્તમાન ટીમના સુકાની કુમારભાઈ દંડ અને સાથીઓએ પેથેલોજી લેબને વધુ સુવિધાજનક બનાવવા તરફ આગળ દોરી જવા તેને ડાયગ્નોસ્ટિક સેન્ટર બનાવવાનું પગલું લીધું. જેને લીધે હવે અનંત ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં પેથેલોજી ટેસ્ટ ઉપરાંત ઈસીજી, એક્સરે જેવી સુવિધા પણ મળશે. ઉપરાંત આ સર્વે સુવિધાઓ હોમ સર્વીસ સાથે ઘરે બેઠાં મેળવી




શકાશે.

ડાયગ્નોસ્ટિક સેન્ટરનો સમય સવારના ૭.૩૦ થી રાતે ૯ વાગ્યા સુધીનો છે. દીપ પ્રાગટ્ય અને ધાર્મિક સ્ત્રોત પઠન સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો.

લોકાપર્ણ કાર્યક્રમ પ્રસંગે મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ અશોક ભેદા, સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ હંસરાજ લોડાયા, જયંતભાઈ છેડા, નરેન્દ્રભાઈ દંડ, નરશીનાથા મેડિકલ ટ્રસ્ટના કુમારભાઈ દંડ, પૂર્વ સંચાલક હીરાલાલભાઈ ડાઘા સહિત ગણમાન્ય મહાનુભાવો સાથે ૭૦ જેટલા મહેમાનો તે સાથે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રાજેશભાઈ, દેવેનભાઈ, મનોજભાઈ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના ઘણા જ સભ્યો હાજર રહ્યા હતા.

અરિહંત બેંકના વાઇસ ચેરમેન ડોલીભાઈ, પિનાકીનભાઈ, કુલીનભાઈ લુઠીયા, ડોક્ટર પીટી...., સાથે ગત વર્ષ અને વર્તમાન મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજન ના સભ્યો પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગ ડાયગ્નોસ્ટિક સેન્ટરના લોક સેવા કલ્યાણને વધાવવા પધાર્યા હતા. અંતમાં સૌએ જલેબી, ફાફડા, ખમણ ઢોકળા-ચા-કોફીનો લાભ લીધો હતો.



## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા વિવિધ કાર્યક્રમો

આ વર્ષે જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડે ખૂબ જ ઉત્સાહભેર નવરાત્રિની ઉજવણી કરી છે. પ્રથમ દિવસે હનીફ-અસલમ અને ઉમેશ બારોટના સંગીત સાથે સભ્યો ઝૂમી ઊઠ્યા હતા. સોમવાર, તા.૭ ઓક્ટોબરે પ્રેરણા રાસ રંગ ઢોલ અને દાંડિયા સાથે સૌએ ફરી નાચી અને આનંદ માણ્યો. તા. ૮ ઓક્ટો. પ્રેરણા રાસમાં અને આજે બુધવાર તા. ૯ ઓક્ટોબરે ગીતા રબારી અને નિલેશ ગઢવીના સંગીત સાથે નમો રમો નવરાત્રિ ઉત્સવ ધૂમધામથી ઉજવાશે. આગામી કાર્યક્રમઃ શુક્રવાર, તા. ૨૫ ઓક્ટોબરના શરદોત્સવ, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે યોજાશે જેમાં દૂધ, પૌવા, ફાસ્ટ ફૂડ, આઈસ ગોલા, આઈસ્ક્રીમ મેલા જેવા મજેદાર આકર્ષણો સાથે યોજાશે. આ ઉત્સવમાં સામેલ થવાનું ચૂકતા નહીં. વધુ વિગતો વોટ્સએપ ગ્રુપમાં આપવામાં આવશે. સંપર્કઃ પ્રમુખ- જયંતીલાલ મેશેરીઃ ૯૮૧૯૭ ૪૮૨૫૦, માનદ્ મંત્રી- દિલીપભાઈ શેઠઃ ૯૮૨૦૬ ૯૬૮૪૮, શ્રીમતી ડિમ્પલબેન કોરડિઆઃ ૯૮૬૯૬ ૬૦૨૯૦.








Click Here



મનોજ ભાઈલાલ કોટક

# મુલુંડના વ્યવસાયિક મનોજ ભાઈલાલ કોટકની બદનામી કરવા બદલ વસંત મજેઠિયા સામે
# ૧ કરોડ માનહાનિના દાવાની પોલીસને તપાસ કરવાનો કોર્ટનો આદેશ

શ્રી કરાચી કચ્છી લોહાણા નારાયણ સરોવરીયા તથા લખપતીયા મહાજનની મિલકતોમાં તથા તેનો ગેરકાયદેસર વહીવટ હસ્તગત તરીકે તેના વ્યવહારમાં રૂા.૧.૪૦ કરોડનો ગફલો કરવાના કેસમાં પોલીસમાં FIR નોંધાયા બાદ સદર ટ્રસ્ટના બની બેઠેલા પ્રમુખ ડૉ.વસંતકુમાર જીવરાજ મજેઠિયાને પોલીસે કસ્ટડીમાં ૨૬ દિવસ ધકેલી દીધો હતો. સદર કેસમાં તેઓ હાલ જામીન ઉપર બહાર છે.

હવે આવા બીજા કેસની તપાસ વસંત મજેઠિયા સામે તોળાઈ રહી છે. શ્રી કરાચી કચ્છી લોહાણા નારાયણ સરોવરીયા તથા લખપતીયા મહાજનમાં થયેલ ગેરવહીવટનો સઘન પીછો કરી વસંત મજેઠિયાનો ચેરિટી કમિશનરમાં, પોલીસ વિભાગમાં સતત ફરિયાદ તેના કાયદેસર પુરાવા સાથે કરી સમગ્ર કૌભાંડ ખૂલ્લુ કરનારા મનોજ ભાઈલાલ કોટક મુલુંડના યુવા અને પ્રતિષ્ઠિત વ્યવસાયિક વ્યક્તિ છે. તેઓ હાલે કાયદાના અભ્યાસમાં પ્રવૃત્ત છે અને એડવોકેટની ડિગ્રી મેળવવાને આરે છે.

મૂળ ડિજીટલ માર્કેટિંગ ફર્મના ચેરપર્સન, કાબેલ અભ્યાસુ અને સફળ વહીવટ કર્તા છે. તેમની પોતાની માર્કેટિંગ કંપની ઈમેજ ઓનલાઈનની મુલુંડ, થાણા અને કોલ્હાપુરમાં બ્રાન્ચ છે. જેમાં ૬૦ ડિઝાઈનર અને એન્જિનિયરોની ટીમ સંલગ્ન છે. તેમની માર્કેટિંગ કંપની યુરોપ અને અમેરિકામાં સોફ્ટવેર એક્ષ્પોર્ટ કરે છે.

સાથે મનોજ કોટક ડિજિટલ માર્કેટિંગ વિષયના ૧૩૦ જેટલા જાહેર લેક્ચર ૧૮ શહેરોમાં આપ્યાં છે. જેમાં ૧૨ હજાર ઉદ્યોગપતિઓ આનો લાભ લીધો છે. ૨૩ મીડિયા કવરેજ તેમના થયાં છે. ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયાની એક્ષ્પોર્ટ સોફ્ટવેર પ્રમોશનલ કાઉન્સિલ સાથે ૧૮ દેશોમાં ભારત દેશનું IT સુપરપાવરનું પ્રતિનિધિત્વ કર્યું છે. મનોજ કોટકએ એક પુસ્તક પણ લખ્યું છે 'કોટકસ નોનોસેન્સ ડિજિટલ માર્કેટિંગ' નામથી. આવા પ્રતિષ્ઠિત અને સફળ વ્યવસાયિક પોતાની જ્ઞાતિ સંસ્થામાં થયેલ ગેરરીતિનો ભાંડો ફોડ્યો અને શ્રી કરાચી કચ્છી લોહાણા નારાયણ સરોવરીયા તથા લખપતીયા મહાજન ટ્રસ્ટના ૧૧૦ જેટલા ભાડૂતોના હિત માટે નિઃસ્વાર્થ લડત ચલાવી ટ્રસ્ટના સભ્યોમાં લાંબી સફળ ઝુંબેશ ચલાવીને ગેરરીતિ આચરનારને જેલ ભેગા કરેલ.

> **વસંત મજેઠિયાની મુશ્કેલીઓમાં વધારો**

એમની પ્રત્યે વેર ભાવના રાખી ડૉ.વસંત મજેઠિયાએ મનઘડત આરોપ મીડિયામાં ચેરિટીમાં, પોલીસમાં અને સ્ટેટ ગર્વમેન્ટમાં મનોજ ભાઈલાલ કોટક સામે કર્યા હતા. જે બધા આરોપના કોઈ પુરાવા ન હતા. તેમણે કરેલા આક્ષેપમાં મનોજ કોટકને લેન્ડ માફિયા, બોગસ સ્ટ્રક્ચર રીપોર્ટ સબમીટ કરનાર, ગેર કાયદાકીય અને અન ઓથોરાઈઝ વ્યક્તિ, સમાજની બિલ્ડીંગ વિરૂધ્ધ ષડયંત્ર કરનાર, ચેરિટી કમિશનરએ તેમને ગેટ આઉટ કરેલ એવા ખોટા સમાચાર ફેલાવ્યા વધુ અને ગેરકાયેદસર ભાડું વસુલ કરનાર જેવા આક્ષેપ લેખિતમાં મહાજન ટ્રસ્ટના ચારેય બિલ્ડીંગના ભાડૂતોને પોતાની સહી સાથે વિતરીત કર્યા હતા. જેને કારણે બિલ્ડીંગના ભાડૂતો મનોજ કોટક અને તેમની ટીમ સામે ક્રોધિત ભાવથી ઉશ્કેરાયા અને તેમની ઉપર ગાળ ગલોચ અને શારીરિક હુમલો થવાની કોશિષ થઈ હતી. જેની પાંચ ફરિયાદ મુલુંડ પોલીસ તેમજ વરલી પોલીસ સ્ટેશનમાં થઈ હતી. કોઠારી ભુવનમાં કોમન એરિયામાં સીસીટીવી કેમેરાઓ દિવસ દરમ્યાન કાઢી લઈ જવાયા હતા. તેની પણ FIR બાદલ ભીંડે, પ્રદીપ સોઢા, નરેશ ભીંડે, પપ્પુ સાઈકલ ઉપર નોંધાવાઈ હતી. આમ સમાજ સંસ્થા માટે સારું કરનાર વ્યક્તિને દરેક રીતે વ્યથા પહોંચાડવાનો પ્રયાસ થયો. મનોજ કોટકએ એમની સામે લેખિતમાં વાંધો દર્જ કરાવ્યો. ત્યારબાદ વકીલ દ્વારા સતત ત્રણ વાર નોટિસ મોકલી આ ગેર પ્રચાર આક્ષેપ બાજી રોકી દેવા ચેતવણી આપી તે છતાં વસંત મજેઠિયા પોતાની મસ્તીમાં મદમસ્ત રહી અટક્યા નહીં. છેવટે મનોજ ભાઈલાલ કોટકએ કોર્ટ સમક્ષ દરેક પુરાવા રજૂ કરી વસંત મજેઠિયાએ પોતાની માનહાનિ કરી છે એવો દાવો નોંધાયો. ૨૭ મેજિસ્ટ્રેટ કોર્ટએ આ દાવાની પોલીસને તપાસ કરવા અને તા.૨૦ નવેમ્બર સુધી આ તપાસનો રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરવા આદેશ આપ્યો છે.



વસંત મજેઠિયા








Click Here

# જીવરામ ભવનના બેઘર થયેલા ભાડૂતોના મકાનમાલિકના ઘર સમક્ષ દેખાવ





મુલુંડ વેસ્ટમાં આર.આર.ટી. રોડ સ્થિત પાઘડી-ભાડાના મકાનને મહાપાલિકાએ C1-Z કેટેગરીમાં આવ્યું હોવાની નોટિસ આપીને ૨૦ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ તોડી પાડ્યું હતું. ત્યારથી એટલે કે છેલ્લા ૨૬ મહિનાથી આ મકાનમાં રહેતા ૫૪ ભાડૂતો બેઘર બની ગયા છે. અહીંના રહેવાસીઓના કહેવા પ્રમાણે ઈમારત તોડતી વખતે મકાનમાલિકે તેમને આ જ જગ્યા ઉપર નવું ઘર બનાવી આપવાનું પ્રોમિસ આપ્યું હોવા છતાં આજ સુધી અહીં નવું બિલ્ડીંગ બનાવવાની શરૂઆત પણ થઇ નથી. આ બાબતે મકાનમાલિક, બીએમસી અને સરકારનું લક્ષ દોરવા જીવરામ ભવનના ભાડૂતો, જેમાં પુરુષો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોનો સમાવેશ થાય છે તેઓએ મકાનમાલિકના મુલુંડ વેસ્ટમાં સ્વપ્ન નગરી સ્થિત ઘર અને ત્યારબાદ તોડી પડાયેલા જીવરામ ભવનના સ્થળે હાથમાં બેનર્સ સાથે ભેગા થઈને દેખાવો કર્યા હતા.

આ અંગે ભાડૂતોને પડી રહેલી તકલીફ જણાવતાં ભાડૂત કૈલાશ શાહએ ગુર્જરમાતને જણાવ્યું હતું કે જીવરામ ભુવનની ઈમારત તોડતાં પહેલાં અમને ૨૪ કલાકનો સમય પણ આપ્યો ન હતો. બિલ્ડીંગના લાઈટ અને પાણીના કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. ઈમર્જન્સીમાં અમને રાતોરાત અમારું ઘર ખાલી કરવું પડ્યું હતું. એ વખતે મકાનમાલિક સનત જોશી અને તેમના ભાઈઓએ અમને અહીં નવું ઘર આપવાની બાંહેધરી આપી હતી પરંતુ હજુ સુધી એ અંગે કંઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. છેલ્લા ૨૬ મહિનામાં ભાડૂતોની સાથે એક પણ મીટિંગ કરી નથી.અમે મકાનમાલિક તેમજ બીએમસીને જીવરામ ભુવન તોડી પાડવાથી બેઘર થયેલા ટેનેન્ટસનું લિસ્ટ પણ આપ્યું છે. અમને મકાનમાલિકની બધી શરતો મંજૂર છે. અમારી એક જ માગણી છે કે બિલ્ડીંગ જલ્દી બાંધીને અમને અમારા ઘરનું પઝેશન જલ્દી આપવામાં આવે. છેલ્લા ૨૬ મહિનાથી અમે રોડ પર આવી ગયા છીએ. આ દરમ્યાનમાં ટેન્શનને કારણે અહીંના રહેવાસી પ્રવીણભાઈ શાહ અને વિજય ત્રિવેદી મૃત્યુ પામ્યા છે. એટલે નાછૂટકે અમને આજે અહીં મકાનમાલિકના ભાર સમક્ષ ભેગા થઈને દેખાવો કરવા પડ્યા છે, પરંતુ તેઓ બહાર ચાલ્યા ગયા હોવાથી મળી શક્યા નથી. હવે અમારી એક જ નમ્ર વિનંતી છે કે બીએમસી અને સરકાર આ બાબતે હસ્તક્ષેપ કરે અને મકાનમાલિક બનતી ત્વરાએ અમને અમારા ઘરનું પઝેશન આપે.

આ બાબતે જીવરામ ભવનના પ્રોપર્ટી કાર્ડ પર અન્ય ફેમિલી મેમ્બર્સ સાથે જેમનું એક નામ છે તે સનત જોશીએ ગુર્જરમાતને જણાવ્યું હતું કે પ્રોપર્ટી મેટર છે અને તેનો કેસ કોર્ટમાં ચાલે છે એટલે કે સબજ્યુડિશ છે. કોર્ટે આ બાબતે સ્ટે આપ્યો છે. કોર્ટનો ઓર્ડર આવ્યા સિવાય અમે કે અન્ય કોઈ ડેવલપર રિડેવલપમેન્ટ કરી શકે નહીં. કોર્ટ દ્વારા ઓર્ડર આવી જાય પછી બધું સેટલ થશે.આ ઉપરાંત પ્રોપર્ટી કાર્ડ ઉપર અમારા અન્ય કુટુંબીજનોના નામ પણ છે એટલે કે પ્રોપર્ટીનું ટાઈટલ ક્લિયર નથી તો રિડેવલપમેન્ટ એગ્રીમેન્ટ પર સહી કોણ કરશે? જ્યાં સુધી ટાઈટલ ક્લીયર ન થાય ત્યાં સુધી આ બિલ્ડીંગનું રિડેવલપમેન્ટ કરી શકાય નહીં.તેમણે વધુમાં કહ્યું હતું કે મેં ભાડૂતોને જર્જરિત થઇ રહેલી બિલ્ડીંગને સમયસર રીપેર કરાવવા લેટર આપ્યો હતો પરંતુ તેમને એ બાબતે કંઈ કર્યું નહીં અને આ ૬૦ વર્ષ જૂની બિલ્ડીંગનું બીએમસી દ્વારા સ્ટ્રકચરલ ઓડિટ થયા પછી તે ખૂબ જ જોખમી જણાતાં બીએમસીએ તેને C1Z કેટેગરીમાં મુક્યા બાદ તોડવામાં આવી હતી.

આ ઉપરાંત ભાડૂતો દ્વારા મારા ઘરની સામે પોલીસ પરમિશન વિના મોરચો લઇ આવવાનું જણાવવા સિનિયર ઇન્સ્પેક્ટર (એસ.આઈ) અજય જોશી પાસે ગયા હતા ત્યારે ભાડૂતોના પ્રતિનિધિ કૈલાશ શાહે એસ.આઈ. સમક્ષ કહ્યું કે અમે મોરચો કાઢ્યો નહોતો, ફક્ત મીટીંગ કરવા ગયા હતા. પરંતુ મારી પાસે ફોટો અને વિડીયોના પ્રૂફ છે કે લગભગ ૪૦ જેટલા લોકો (જેમાં મહિલાઓનો પણ હતી) મારા ઘરની સામે હાથમાં બેનર્સ લઈને મોરચો લઈને આવ્યા હતા. જ્યારે પ્રોપર્ટી કાર્ડ ઉપર કુટુંબના અન્ય સભ્યોના નામ છે તો આવા મોરચા મારા ઘરની સામે જ શું કામ? એવો પ્રશ્ન તેમણે કર્યો હતો.

અમે ભાડૂતોને તેમના ઘર માટેનો હક્ક છોડવા કહેતા નથી. મેં ભાડા પાવતી ધરાવતા સર્વ ભાડૂતોના નામ બીએમસીમાં સબમિટ કર્યા છે. તેઓ જે તકલીફ સહન કરી રહ્યા છે તેનું મને પોતાને દુ:ખ છે.


Saatvik
FOOD HUB
grown by nature, served by us



VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY
TO ORDER ONLINE
zomato | SWIGGY
www.fofcuisine.petpooja.com
F29 Runwal Galleria, Runwal Greens,
Mulund Goregoan link road,Mulung West





Call For Delivery - 955 955 6797 | 955 955 9459

Click Here


Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda** • **R.N.I. Regn. No. 69568/98**


SAFT STONE®
get stoned on fruits
100% PURE MILK & FRUIT ICECREAMS
10%OFF TILL DUSHERRA
CRAVING SOMETHING SWEET?
CHOOSE FROM MORE THAN 30 FLAVORS !
9769925198
SHOP NO 3,SAI MADHUVAN,NEXT TO MANI'S CAFE,RHB RD,
MULUND WEST, MUMBAI,


Dryfruit Kachori
Available in 30 countries worldwide...
Kamlesh
Namkeen! Har Din...
For trade inquiries:
Kamlesh Foods (P) Limited
Unit No. 52/53/56, Jamnadas,
Indl. Estate, Dr. R.P Road, Mulund (West).
Cust. Care.: 80 9131 9131
e :info@kamleshnamkeens.com
w :www.kamleshnamkeens.com


આપ સર્વેને 'દશેરા' ની હાર્દિક શુભેચ્છા
માઁ આદ્યશક્તિની ભક્તિ અને ઉપાસનાનાં
મહાપર્વ નવરાત્રીની આપ સૌને મંગલમય
હાર્દિક શુભકામનાઓ...
Temple of Faith
LALJIBHAI
JEWELLERS
Since 1968
Call : 8369779513 - 9004008156
A-8, Pranav Commercial Plaza, M.G. Road, Near Shivsena Office, Mulund (W), Mumbai - 400 080.

Click Here





# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26


# ‘પ્રેરણા રાસ-૨૦૨૪’માં ‘ગુર્જરમાત’

## સ્પર્ધાત્મક રાઉન્ડ્સમાં ઈનામોની વણઝાર





**ફાઈનલ રાઉન્ડ સોમવાર, તા.૭ ઓક્ટોબર**

બેસ્ટ મેલ પ્લેયર – કરણ બારોટ

બેસ્ટ ફિમેલ પ્લેયર – વીરા ગજરા

બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (બોય) – પુર્વાન કોટક/ તિર્થંમ શાહ

બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – જિશા ઠક્કર/હિયા છેડા

બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (બોય) – યશાર્થ પરમાર / વિરાજ મકવાણા

બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – શ્રુતી દામાણી/ ધિમહી પંચમીયા

બેસ્ટ કપલ પ્લેયર્સ – પરમ સાવલા/શ્વેતા સાવલા

બેસ્ટ ડ્રેસ પ્લેયર મેલ – મીત ગોસ્વામી

બેસ્ટ ડ્રેસ પ્લેયર ફિમેલ – હંશી ઠક્કર

જજ – અર્શ તન્ના

**વિશેષ ઈનામ** – સાવિત્રીબેન ભાનુશાલી


**ગુર્જરમાત રાઉન્ડના પ્રથમ, દ્વિતીય અને તૃતિય દિવસના વિજેતાઓની તસવીરો જુઓ પૂર્તિનું પાના નં.૪**


> પ્રેરણા રાસના પ્રણેતા મનોજ કોટકે જણાવ્યું કે, ‘‘મહારાષ્ટ્ર રાજ્ય સરકારે બુધવાર, ગુરુવાર અને શુક્રવારે રાતના બાર વાગ્યા સુધીની છૂટ આપી હોવાથી પ્રેરણા રાસમાં આવેલા ખેલૈયાઓના થનગનાટમાં જરા પણ ખલેલ ના પહોંચે એ માટે કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે પૂરતી તકેદારી રાખવામાં આવી છે. પ્રેરણા રાસને પ્રેમ કરનાર દરેક રાસ ગરબા પ્રેમીના આનંદમાં વધારો થશે તેવું ઉત્તમ આયોજન કરાયું છે.’’



**Click Here**

# ‘પ્રેરણા રાસ-૨૦૨૪’એ સ્થાપિત કર્યું છે પારંપરિક સાર્વજનિક નવરાત્રિનું આદર્શ ઉદાહરણ





**રાજેશ ચાવડા દ્વારા**

આદ્યશક્તિની ભક્તિ અને આરાધના કરવાની પરંપરાને જાળવી રાખતા આ વર્ષે પણ મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ મુલુંડમાં કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે આયોજિત પ્રેરણા રાસ ૨૦૨૪માં આધુનિક સંગીતમાં ગરબાઓ અને લોકગીતો દ્વારા ખેલૈયાઓ થીરકતા જોવા મળી રહ્યા છે. ‘પ્રેરણા રાસ-૨૦૨૪’ ના પહેલા જ દિવસથી ખેલૈયાઓ તથા દર્શકોએ મુલુંડની બરાબર મધ્યમાં આવેલા કાલિદાસ ગ્રાઉન્ડમાં ફૂલ હાજરી નોંધાવીને સિદ્ધ કર્યું કે તેઓ કેટલી આતુરતાથી પ્રેરણા રાસની રાહ જોઈ રહ્યા હતા.

**માર્ગદર્શક મનોજ કોટક અને પરિવારે ઘટસ્થાપના કર્યા બાદ મા અંબેની આરતી ઉતારી**

નવરાત્રિના નવે નવ દિવસે આદ્યશક્તિની આરતી કર્યા બાદ જ રાસ-ગરબા શરૂ કરવાની પરંપરા જાળવી રાખતા પ્રથમ નોરતે પ્રેરણા રાસના માર્ગદર્શક મનોજ કોટક અને પરિવારના હસ્તે ઘટસ્થાપના કર્યા બાદ મા અંબેની આરતી ઉતારી ‘પ્રેરણા રાસ-૨૦૨૪’નો શુભારંભ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રસિદ્ધ ભજન ગાયક પ્રશાંત કતિરા, શીતલ માણેક અને મનિષ સોમૈયા રોજેરોજ આદ્યશક્તિની આરતી ગાઈને વાતાવરણ ભક્તિમય બનાવી રહ્યા છે.



### મેડિકલ ઈમરજન્સી વખતે તાત્કાલિક પ્રાથમિક સારવાર


કોઈપણ જાતની મેડિકલ ઈમરજન્સી વખતે દર્દીને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળે તે માટે કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે જ નવકાર હોસ્પિટલ અને ઉપાસની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડના સહયોગે મેડિકલ સુવિધાઓનું પ્રબંધન કરવામાં આવ્યું છે.



એન્કર ઋચિત શાહ

**સૂર અને સંગીતના મહારથિઓ મોહી રહ્યાં છે ખેલૈયાઓનું મન**

આરતી બાદ ઝગમગાતી લાઈટીંગ સાથેના આકર્ષક સ્ટેજ પર ‘‘એમજે’’ ફેમ મનિષ જોશીની ઓરકેસ્ટ્રા ટીમ ‘‘સુર ધ સોલ’’ ના મ્યુઝિશ્યનો જાણે સ્વર્ગલોકના ગાંધર્વો હોય અને પોતાના સુમધુર સંગીત દ્વારા લોકોનું મન મોહવા આવ્યા હોય તેમ વાજિંત્રો વગાડી રહ્યા છે. જ્યારે વર્સેટાઈલ સિંગર મનિષ જોશી, અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી





### ‘પ્રેરણા રાસ-૨૦૨૪’ વિશેષ રાઉન્ડમાં સિનિયર સિટીઝન મન મૂકીને થીરક્યા



પોતાના વિશેષ આયોજન માટે પ્રખ્યાત પ્રેરણા રાસ ૨૦૨૪માં શનિવાર તા. ૦૫/૧૦/૨૦૨૪ના રોજ સાંજે સીનિયર સિટીઝનો માટે રાસગરબા દાંડિયાનો વિશેષ રાઉન્ડ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં સેંકડો વડીલોએ રાસડા લીધા હતા. પરંપરાગત ઢોલ શરણાઈના તાલે નાચતા વડીલોએ યુવાનોને પણ શરમાવે તેવી ગજબની સ્ફૂર્તિ દેખાડી હતી.



આરતી ગાયક પ્રશાંત કતીરા, શિતલ માણેક અને મનિષ સોમૈયા



**રંગબેરંગી લાઈટિંગથી ઝગમગતા પ્રેરણા રાસ ૨૦૨૪ના વિશાળ સ્ટેજ પર ‘‘એમજે ફેમ’’ મનિષ જોષીના બેન્ડ ‘‘સુર ધ સોલ’’ ના મ્યુઝીશ્યનોના ઉર્જાભર્યા સંગીતના તાલે જે પ્રમાણે ઉપસ્થિત સહુ કોઈ થીરકી રહ્યા છે ત્યારે એવું લાગી રહ્યું છે કે જાણે સ્વર્ગલોકથી સંગીતના ગાંધર્વો ઉતર્યા હોય અને પોતાના અદ્ભુત સંગીત દ્વારા લોકોને મોહિત કરી રહ્યા હોય.**

### બ્રાહ્મણ પરિવારો દ્વારા આદ્યશક્તિની મહાઆરતી

ગઈકાલે વિશેષ આયોજનના ભાગરૂપે પ્રેરણા રાસમાં કર્મકાંડી બ્રાહ્મણ પરિવારો દ્વારા આદ્યશક્તિ ની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભૂદેવ પરિવારોએ જગદંબાની આરતી ઉતારી હતી.

Click Here











અવાજના ધણી રાહુલ પુરેચાએ પણ તેમના સુમધુર અવાજમાં અનેક સુપ્રસિદ્ધ ગરબાઓ તથા લોકગીતો ગાઈને ઉપસ્થિત સૌ ખેલૈયાઓને થીરકાવી રહ્યા છે. **પ્રેરણા રાસ ૨૦૨૪માં ચાર ચાંદ લગાડવામાં આમનો પણ ફાળો**

ગજાનન સાઉન્ડ એન્ડ લાઇટ્સના આનંદ મૌર્ય પણ પોતાના આધુનિક સાઉન્ડ દ્વારા અને લાઈટિંગના ઝગમગાટથી કાલિદાસ ગ્રાઉન્ડમાં અનેરો આનંદ કરાવી રહ્યા છે, જ્યારે પ્રેરણા રાસના ચાહકો ઘેરબેઠાં મોજ માણી શકે તે શકે તે દિશામાં ઉત્કૃષ્ટ વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરતાં જૈન ટીવી ઈવન્ટ્સના સંજય પટવા અને તેમની ટીમે પણ જહેમત ઉઠાવી રહ્યા છે. પ્રસિદ્ધ એન્કર ઋચિત શાહ પણ તેમની આગવી શૈલીમાં 'પ્રેરણા રાસ'નું સુપેરે સંચાલન કરી રહ્યા છે.







**સાક્ષાત જગદંબા નવ જોગણીઓ નાની નાની બાળકીઓનું રૂપ લઈને પ્રેરણા રાસના કાલિદાસના પ્રાંગણમાં ઉતર્યા હોય તેવી અનુભૂતિ થતી હતી**






**ટીમ ગજાનન સાઉન્ડ એન્ડ લાઈટ્સ**

### પ્રેરણા રાસ ૨૦૨૪ ઓન સોશ્યલ મીડિયા

ઈન્સ્ટાગ્રામ : https://www.instagram.com/prernaraasnavratri

ફેસબુક : https://www.facebook.com/PrernaRaasNavratri

પ્રેરણા રાસ ૨૦૨૪નો ઘર બેઠા લાઈવ આનંદ માણો

યુટ્યુબ ચેનલ : https://youtube.com/prernaevents

તે ઉપરાંત...

* Hathway Cable Channel No. 871
* In Cable Channel No. 992
* Home Cable Channel No. 985

પર લાઈવ નિહાળી શકાશે.

Click Here




**ઈનામ સ્પોનર્સ : ધર્મેશ ડાન્સ એકેડમી**

**પ્રથમ દિવસ ગુરૂવાર, તા.૩ ઓક્ટોબર**

બેસ્ટ મેલ પ્લેયર – રિતિક ગોહિલ
બેસ્ટ ફિમેલ પ્લેયર – દિયા શાહ
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (બોય) – યશ પરમાર
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – આરાધ્યા ગોરી
બેસ્ટ કપલ પ્લેયર્સ
– અકભટ ભેદા અને લબ્ધિ દંડ
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (બોય) – દેવેન સાવલા
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – ઉન્નતિ ભાનુશાલી
બેસ્ટ ડ્રેસ પ્લેયર મેલ – દીપક મજેઠિયા
બેસ્ટ ડ્રેસ પ્લેયર ફિમેલ – હિરલ વોરા
જજ – ડો. વિઠાણી, ધીરેન સેઠીયા

**વિશેષ ઈનામ** –
ગૌરવ ગણાત્રા, અનન્યા ગણાત્રા, પ્રાપ્તિ ચોટલિયા, રૂહી ગાલા, યાહાન બારોટ, સાયશા ભાનુશાલી


વર્સેટાઈલ સિંગર મનિષ જોશી







**દ્વિતીય દિવસ શુક્રવાર, તા.૪ ઓક્ટોબર**

બેસ્ટ મેલ પ્લેયર – શૈલેષ બકરાણીયા
બેસ્ટ ફિમેલ પ્લેયર – કિંજલ ચંદ્રા
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (બોય) – પાર્શ્વ સત્રા
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – કાવ્યા ભાનુશાલી
બેસ્ટ કપલ પ્લેયર્સ
– વિમી શાહ અને નીરવ વસા
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (બોય) – જિયાન મોરબિયા
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – આર્યા રત્નાની
બેસ્ટ ડ્રેસ પ્લેયર મેલ – ગૌરવ બાટવીયા
બેસ્ટ ડ્રેસ પ્લેયર ફિમેલ – એકતા છેડા
જજ – વર્ષા પટેલ અને ખ્યાતિ શાહ

**વિશેષ ઈનામ** –
તશ્વી ખોલિયા, વિવ લાલન, ધ્રીયા શાહ, નેયસા વોરા, રિયોના બોસ્મિયા




**તૃતીય દિવસ**

**શનિવાર, તા.૫ ઓક્ટોબર**

બેસ્ટ ફિમેલ પ્લેયર – ક્રિશી ઠક્કર
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (બોય) – મનન મોતા
બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – પ્રિસિકા દેઢિયા
બેસ્ટ કપલ પ્લેયર્સ – શ્રુતિ દમણિયા અને પ્રિશા/હૃદાન
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (બોય) – અર્હમ સાવલા
બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ) – રતિકા રત્નાની
બેસ્ટ ડ્રેસ પ્લેયર મેલ – ચેતન જૈન
બેસ્ટ ડ્રેસ પ્લેયર ફિમેલ – કાવ્યા કુકડિયા
જજ – રાજેશ જોષી અને જીવેન્દ્રભાઈ ગુજરાથી

**વિશેષ ઈનામ** –
હિયા દામા, ખૈરા મહેતા, હરીશ બારોટ, ફલક શાહ, બિયાંકા શાહ


વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી
પ્રેરણા રાસ ૨૦૨૪
જૈન ટીવી ઈવન્ટ્સના
સંજય પટવા અને અંકિતા પટવા

Follow us on
/gurjarmat

**Click Here**